GCCI

2019-20

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note

તા. ૧૬-૧૨-૨૦૧૯

ગુજરાત ચેમ્બર ખાતે GCCI અને રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ના સંયુક્ત ઉપક્રમે **MSME** અને **SME** ક્ષેત્ર માટે "Golden Opportunity to Manufacture 300 Products with Assistive Technology" નું આયોજન તા. ૧૬-૧૨-૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી પ્રણવ દેસાઇ, વોઇસ ઓફ સ્પેશીયલી એબલ્ડ (**VOSAP**) મોબાઇલ એપ્લીકેશનના ફાઉન્ડર તથા આઇ.ટી. એક્સપર્ટ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં કોર્પોરેટ કંપનીઓ, એનજીઓ, ચેરીટેબલ ટ્રસ્ટ, ગુજરાત ચેમ્બર તથા રોટરીના સભ્યો હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું આયોજન **GCCI**ની **CSR** કમિટિ, સ્ટાર્ટ અપ કમિટિ અને **MSME** કમિટિ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ દિવ્યાંગજન તથા વૃદ્ધોને જરૂરી એવી આસીસ્ટીવ ડીવાઇસીસ જેવા કે વ્હીલ ચેર, સ્કૂટર, ઓર્થોપીડીક ડીવાઇન, હીયરીંગ ડીવાઇસ વિગેરેના મેન્યુફેક્ચરીંગ માટે ગુજરાતના **MSME** તથા **SME** ક્ષેત્ર માટે ઉપલબ્ધ તકો અંગે માહિતગાર કરવાનો હતો. સ્વાગત પ્રવચનમાં **GCCI**ના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચે આમંત્રિત મહેમાનો તથા શ્રોતાઓનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે આવનારા એક મહિનામાં ચેમ્બરના મેમ્બરે પણ **VOSAP accessible** થઇ દિવ્યાંગજનોને મદદરૂપ થશે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી પ્રણવ દેસાઇએ પોતાના વક્તવ્યમાં ભારતમાં દિવ્યાંગજનોની સંખ્યાની માહિતી આપી હતી અને તેમને પડતી મુશ્કેલીઓ માટે આસીસ્ટીવ ટેકનોલોજી કેટલી જરૂરી છે તેની માહિતી આપી હતી. **MSME** ક્ષેત્ર દ્વારા ભારતમાં જ આસીસ્ટીવ ડીવાઇઝના મેન્યુફેક્ચરીની શરુઆત કરવી જોઇએ જેનાથી ખુબજ ઓછી કિંમતમાં આ સુવિધા દિવ્યાંગજનોને પુરી પાડી શકાય એવું તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી આશિષ દેસાઇ, પૂર્વ ગવર્નર, રોટરી ઇન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ એ દિવ્યાંગજનોને શાળામાં પ્રવેશ તથા ગુજરાતમાં વિવિધ બિલ્ડીંગમાં દિવ્યાંગજનોને પાયાની સુવિધા રોટરી ક્લબ તથા GCCIના સહયોગથી આપવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમમાં **CSR** કમિટિના સભ્ય શ્રી ભૂષણભાઇ પૂનાનીને તાજેતરમાં લક્ષ્મીપત સિંઘાનીઆ, આઇએમએમ, લખનઉ દ્વારા સામાજીક સેવાના કાર્ય માટે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે મળેલ એવોર્ડ માટે **GCCI** તરફથી સન્માનવામાં આવ્યા હતા.

અંતમાં શ્રી નવરોઝ તારાપોર, કો-ચેરમેન, **CSR** કમિટિએ આભારવિધિ સંપન્ન કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*